ક્રમાંક:રાપબો/PSE-SSE/૨૦૨૧/૧૨૩૭-૧૨૧૮

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા:03/૦૨/૨૦૨૧

## પરિપત્ર :-

વિષય :- પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૦ના આવેદનપત્રો ભરાવવાનો સમયગાળો લંબાવવા બાબત

સંદર્ભ :- (1) અત્રેની કચેરીના તા.૦૭/૦૧/૨૦૨૧ ના જાહેરનામા:ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૦/૫૪-૧૩૬

(2) અત્રેની કચેરીના તા.૨૫/૦૧/૨૦૨૧ ના પરિપત્ર:ક્રમાંક:રાપબો/PSE-SSE/૨૦૨૧/૫૬૩-૬૭૩.

ઉપરોકત વિષયમાં જણાવવામાં આવે છે કે, સંદર્ભ(૧)ના જાહેરનામાથી ધોરણ-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ છે. જે અન્વયે સંદર્ભ-૨ પરિપત્રથી **www.seb.exam.org** વેબસાઇટ પર સદર પરીક્ષાના આવેદનપત્રો ભરવાનો સમયગાળો તા.૦૮/૦૧/૨૦૨૧ થી તા. ૦૪/૦૨/૨૦૨૧ સુધી લંબાવેલ હતો. જેમાં નીચે મુજબની વિગતે આવેદનપત્રો ભરવાનો સમયગાળો ફરીથી લંબાવવામાં આવે છે.

હવે આવેદનપત્રો તા.૧૧/૦૨/૨૦૨૦ સુધી ભરી શકાશે અને અને ઓનલાઇન ફી તા.૧૩/૦૨/૨૦૨૧ સુધી ભરી શકાશે. પોસ્ટ ઓફીસ ખાતે ફી તા.૦૫/૦૨/૨૦૨૧ સુધી જ ભરી શકાશે. આ પરીક્ષા અંગેની અન્ય વિગતોનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે. જેની નોંધ તમામ સંબંધિતોએ જેની નોંધ લેવી.

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | તા.૦૭/૦૧/૨૦૨૧ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | તા.૦૮/૦૧/૨૦૨૧ થી તા.૧૧/૦૨/૨૦૨૧ |
| 3 | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | તા.૦૫/૦૨/૨૦૨૧ |
| ૪ | પરીક્ષા માટે ઓનલાઈન ફી ભરવાનો સમયગાળો | તા.૧૩/૦૨/૨૦૨૧ |
| ૫ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રાથમિક શાળા દ્વારાભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ<br>(૨) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૯/૦૨/૨૦૨૧ |

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૩૨૩
શાખાનું નામ: પ્રાથમિક
તારીખ: ૬/૨/૨૧
સહી:

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૬ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૫/૦૨/૨૦૨૧ |
| | (૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની અંતિમ તારીખ | |
| ૭ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી DPEO કચેરી દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૪/૦૩/૨૦૨૧ |
| | (૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના શાળામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી DEO કચેરી દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | |
| ૮ | પરીક્ષા તારીખ | હવે પછી પ્રસિધ્ધ કરવામાં આવશે |

સ્થળ :- ગાંધીનગર

તારીખ:- ૦૩/૦૨/૨૦૨૧

સચિવ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

પરિપત્ર નં_ 669

ક્રમાંક-પ્રાથ/ગ/માધ્યમિક/શિષ્યવૃત્તિ/ ૨૦૨૦-૨૧

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

અમરેલી. તા ૬/૨/૨૦૨૧

- નકલ રવાના જાણવા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી

અમરેલી.

પ્રતિ,

આચાર્યશ્રી/આચાર્યશ્રી

આ જિલ્લાની તમામ ગ્રાન્ટેડ/નોનગ્રાન્ટેડ/સરકારી શાળાઓ

અમરેલી. જિ. અમરેલી

Scanned with CamScanner